ડીસા કૉલેજે આંતરરાજ્ય રમતોત્સવમાં ૮ મેડલ મેળવ્યા

ડીસા, તા. ૨૨

તાજેતર માં પી.જી.ભવન પાટણ ખાતે યોજાયેલ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટી ખાતે ૨૬ માં આંતરકોલેજ ખેલકૂદ રમોત્સવ યોજાયો હતો, જેમાં ડીસા ની ડી,એન,પી,આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ના રમતવીરો એ વિવિધ સ્પર્ધા માં ૮ મેડલ મેળવતા કોલેજ દ્વારા તમામ નું સન્માન કરાયું હતું.

બનાસકાંઠા ના ડીસા ખાતે આવેલી ડી,એન,પી,આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ના રમતવીરો ખેલકૂદ રમોત્સવ માં પોતાનું હીર ઝળકાવ્યું હતું, પી.જી.ભવન પાટણ ખાતે યોજાયેલ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટી ખાતે નાં ૨૬ માં આંતરકોલેજ ખેલકૂદ રમોત્સવ માં આ કોલેજ ના રમતવીરો એ ભાગ લીધો હતો, આ સ્પર્ધામાં ડી,એન,પી,આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ નો શ્રેષ્ઠ દેખાવ રહ્યોહતો, અને કોલેજ ના સ્પર્ધકો એ વિવિધ રમતો માં ૮ જેટલા મેડલ મેળવતા સ્કુલ શાળા સંચાલક મંડલ અને કોચ આર,ડી,ચોધરી એ તેમને બિરદાવ્યા હતા.

જેમાં સ્પર્ધક એવા માળી જીતેન્દ્રે ઉંચી કુળ માં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો, જયારે અન્ય મહિલા સ્પર્ધક ચોધરી અણસીબેને પણ ઉંચી કૂદ અને લાંબી ફાળકૂદ માં કુલ ૨ ગોલ્ડ મેડલ મેળવ્યા હતા,જયારે અન્ય સ્પર્ધકો એ પણ કુલ ૫ સિલ્વર મેડલ મેળવ્યા હતા, આમ, ડીસા ની ડી,એન,પી,આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ના રમતવીરો એ વિવિધ સ્પર્ધા માં ૮ મેડલ મેળવતા કોલેજ દ્વારા તમામ નું સન્માન કરાયું હતું.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસામાં કપાસના મુદ્દે ખેડૂતોના ધરણાં

સરકાર અને સ્થાનિક ધારાસભ્ય સમક્ષ યોજાયા ધરણાં

ડીસા, તા. ૨૨

આજે કપાસના ભાવ વધારા સહિતના મુદ્દે ખેડૂતો દ્વારા ગુજરાત માં છેલ્લા કેટલાક દિવસોથી આંદોલનાત્મક કાર્યક્રમો નો પડઘો ડીસા માં જોવા મળ્યો હતો. જેમાં ભારતીય કિશન સંઘ દ્વારા આજે સ્થાનિક અને કોન્ગ્રેસ્સ નાં તાજેતરમાં ચુટાયેલા ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ નાં કાર્યાલય ખાતે ધરણાં યોજવામાં આવ્યા હતા અને ખેડૂતો એ અનેકો મુદ્દે પોતાની માંગણી આવેદન પત્ર રૂપે રજુ કરી ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ અને નાયબ કલેકટર ડીસા ને વિગતે આવેદન પત્ર પણ આપ્યું હતું.

આજે ગુજરાત ભર માં ખેડૂતો દ્વારા કપાસ સહીત ના ભાવ વધારા સાથે ની માંગ સાથે રાજય ના ચુટાયેલા તમામ ધારાસભ્યો ના ઘેરાવ નો કાર્યક્રમ અમલી બનાવ્યો છે ત્યારે બનાસકાંઠા ના ડીસા માં પણ કપાસના મુદ્દે ખેડૂતોના ધરણા-ઘંટરાવ ની ગુંજ ઉઠવા પામી હતી, અહી ભારતીય કિશન સંઘ નાં -મુખ હીરાજી ગણેશજી માળી અને અન્ય આગેવાનો એ ડીસા ના કોન્ગ્રેસ્સ પક્ષ ના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ નાં કાર્યાલય નો ઘેરાવ કર્યો હતો,અને પોતાના પડતર પ્રશ્નોને સરકાર સુધી પહોચાડી ન્યાય અપાવવા રજૂઆત કરી હતી, ખેડૂતો એ આવેદન પત્ર રૂપે રજુ કરેલી તેમની માંગ માં જણાવ્યું હતું કે ખેડૂતો ને ખેતી પાક એવા કપાસ, બટાટા એરંડા,જેવા પાકો માં પોષણક્ષમ્ય ભાવ મળવો જોઈએ. રાસાયણિક ખાતરની તંગી દુર થવી જોઈએ,ગુજરાત વિધુત બોર્ડ ના ૈ નું નિરાકરણ અને રી- સર્વે ની કામગીરી પૂરી કરવી જોઈએ તેવી માંગ કરાઈ હતી, ખેડૂતો એ આ બાબતે ધારાસભ્ય અને નાયબ કલેકટર ડીસા ને આવેદન પત્ર આપી ચીમકી ઉચ્ચારી હતી કે અમને આ મુદ્દે ન્યાય નહિ મળે તો ઉગ્ર આંદોલન થશે.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

જયારે બીજી તરફ ડીસા ના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ કિશાનોની માંગ અને રજૂઆત ને ઉચિત ગણાવી હતી અને ભાજપ સરકાર પર માછલા ધોયા હતા તેમને ખેડૂત નું ચોતરફ થી સરકાર શોષણ કરે છે ,તેવું જાણવી કહેલ કે ખેડૂતના ખેતરમાં મહા મહેનતે પકવેલું અનાજ ખેડૂતના હાથ માં થી સસ્તા દરે છીનવાય છે અને બાદ તે બમણી કીમતે વેચાય છે ,દૂધ માં પોષણ ક્ષમ્ય ભાવ નથી, ધાસચારો મોઘો બન્યો છે ખેડૂત યુનિયનમાં ફાટફૂટ થાય છે જેનો સરકાર ફાયદો ઉઠાવે છે ત્યારે જગત ના તાત એવા ધરતીપુત્રની પીડા આ સરકાર સમજતી નથી. હું ખેડત પુત્ર સાથે આ વિસ્તારના ધારાસભ્ય તરીકે સરકારમાં ખેડૂતોના આ પ્રશ્નોના નિરાકરણ માટે ઉગ્ર રજૂઆત કરીશ તેવું તેમને જણાવ્યું હતું.

ડીસાની આદર્શ સ્કૂલમાં વિદ્યાર્થીએ સુરક્ષા સેતુ અંતર્ગત તાલીમ મેળવી

ડીસા, તા. ૨૨

રાજય સરકાર દ્વારા સુરક્ષા સેતુ કાર્યક્રમ અંતર્ગત વિવિધ સુરક્ષા અને જાગૃતિ લગતા કાર્યક્રમો પોલીસ જવાનો દ્વારા યોજાઈ રહ્યા છે જેમાં ડીસા ખાતે આદર્શ સ્કુલ ખાતે સુરક્ષા સેતુ કાર્યક્રમ અંતર્ગત સ્કુલ વિદ્યાર્થીઓ ને તાલીમ અને ગણવેશ અપાયો હતો.

બનાસકાંઠા ના ડીસા સહીત વિવિધ તાલુકા માં પોલીસ વિભાગ દ્વારા લોકજાગૃતિ અંતર્ગત લોકો સુરક્ષિત બને ,જાગૃત બને, અને સજાગ રહી -તીકારો નો સામનો કરે તે હેતુસર વિવિધ ટ્રેનીગ અને કાર્યક્રમો યોજાઈ રહ્યા છે,જેમાં પોલીસ જવાનો દ્વારા આદર્શ -થમિક સ્કુલના ૨૨ વિદ્યાર્થી અને ૨૨ વિદ્યાર્થીનીઓ ને વિવિધ તાલીમ અપાઈ હતી, અને સુરક્ષા લાગતું -ક્ષિક્ષન અપાયું હતું અને તમામ ને ગણવેશ આપવામાં આવ્યો હતો ,-થમિક સ્કુલના નાના બાળકો માં અત્યારથી જ ફોજી જવાનો ની જેમ દેશ સેવા અને રાષ્ટ્રે-મ સાથે સુરક્ષા નાં પાઠ વિવધ લક્ષી જ્ઞાન ની જેમ મળતા બાળકો માં આનંદ છવાયો હતો.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ઊંઝાના અગ્રણી ઘનશ્યામભાઈ બ્રહ્મભટ્ટનું જાહેર અભિવાદન કરાયું

ઊંઝા, તા.૨૨

ઊંઝા ખાતે ઉનાવા દેશની વાડીમાં શહેરની સન્માન સમિતિ દ્વારા ઊંઝા શહેરના ઘડતરમાં સિંહ ફાળો આપનાર નિષ્ઠાવાન પનોતા પુત્ર એવા અગ્રણી ઘનશ્યામભાઈ પી. બ્રહ્મભટ્ટનું જાહેર અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમારંભમાં અધ્યક્ષ તરીકે ધારાસભ્ય નારાયણભાઈ પટેલ, સાંસદ દિલીપભાઈ પંડયા, મુખ્ય મહેમાન પદે શંકરલાલ ગુરુ, શરદભાઈ શાહ, એમ.આઈ. પટેલ, પ્રકાશ જાની, લીલાચંદભાઈ પટેલ, મહેન્દ્ર પટેલ, જયંતિભાઈ બારોટ, બી.ડી. રાવ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને ઊંઝા નગરની વિવિધ સંસ્થાઓમાં યોગદાન અને ઉમદા કાર્ય બદલ ઘનશ્યામભાઈ બ્રહ્મભટ્ટની સરાહના કરી જાહેર સન્માન કર્યું હતું.

રાજેન્દ્રનગર ચોકડી પાસે ગમખ્વાર અકસ્માત ત્રણના મોત : બે ગંભીર

મોડાસા, તા.૨૨

ગાંભોઈ પાસેના રાજેન્દ્રનગર શામળાજી હાઈવે માર્ગ પર સહયોગ ટ્રસ્ટની સામે એક ડમ્પર ટ્રક અને મેક્સ જીપ વચ્ચે થયેલા ગમખ્વાર અકસ્માતમાં ત્રણના ઘટના સ્થળે મોત થયા હતા જયારે બેને ગંભીર ઈજા થતાં વધુ સારવાર અર્થે ગાંભોઈ હોસ્પિટલમાં લઈ જવાયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ સોમવારે સવારે દશ વાગે ગાંભોઈ પાસેના રાયગઢ સીમમાં પસાર થતાં રાષ્ટ્રીય ધોરી માર્ગ પર રાજેન્દ્રનગર સહયોગ ટ્રસ્ટ પાસે શામળાજી તરફ જઈ રહેલ એક પેસેન્જર જીપને ઓવરટેક કરી રહેલા ડમ્પર ટ્રક સાથે થયેલા ગંભીર અકસ્માતમાં જીપના ચાલક યશપાલસિંહ હઠીસિંહ જાડેજા તેમજ મુસાફરી કરી રહેલા પ્રફુલભાઈ અમૃતભાઈ પોલરા (રંગપુર પ્રાથમિક શાળા શિક્ષક) અને હરીભાઈ કેશાભાઈ રાઠોડ (ગડાદર હાઈસ્કુલ શિક્ષક)ના ઘટના સ્થળે મૃત્યુ થયા હતા. અન્ય મુસાફરો પૈકી સાહેબ દિલીપસિંહ જુજારસિંહ તેમજ અલ્કાબેન પટેલ રહેવાસી હિંમતનગર બેરણા (દાવલી આઈટીઆઈ ઈન્સ્ટ્રકટર)ને ગંભીર ઈજા થતાં આ ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે અમદાવાદ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માત અંગે નરેન્દ્રસિંહ રણજીતસિંહ જાડેજા (રહેવાસી રંગપુર) એ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતાં ગાંભોઈ પોલીસે ઘટના સ્થળે પહોંચી પીએસઆઈ બી.જી. સિસોદીયાએ જરુરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઘટનાનો ભોગ બનેલ મૃતકોને પીએમ માટે ગાંભોઈ સીવીલ હોસ્પિટલમાં લાવ્યા બાદ મૃતકના પરીવાર જનો આવી પહોંચતાં વાતાવરણમાં ગમગીની છવાઈ ગઈ હતી.

(તસવીર : જય અમીન, મોડાસા)

તલોદમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું શુદ્ધિકરણ કરાયું

તલોદ, તા.૨૨

તલોદ શહેરમાં આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં મુકાયેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું આજે ધારાસભ્ય અને ખેડુતોની ઉપસ્થિતિમાં શુધ્ધીકરણ ફુલહાર વિધિ કરવામાં આવી હતી.

તલોદ માર્કેટયાર્ડમાં શનિવારે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાની અનાવરણ વિધિ રાજય મંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ માંગણી કરી હતી કે અમે ખેડૂત છીએ અને સરદાર ખેડૂતોના નેતા હતા નહીં કે ભાજપના એમ કહેતા જ પોલીસ દ્વારા ધારાસભ્ય સહિત ૫૧ જેટલા કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. કાર્યક્રમ બાદ તમામને મુકત કરવામાં આવ્યા હતા. આજે તલોદ-પ્રાંતિજના કોંગ્રેસ સમિતિના પ્રમુખો દ્વારા પ્રતિમાનું ગંગાજળથી શુધ્ધીકરણ કરવાનું નક્કી કરાયું હતું. પરિણામે આજે મોટી સંખ્યામાં કાર્યકરોની ઉપસ્થિતિમાં ધારાસભ્યએ ગંગાજળથી પ્રતિમાનું શુધ્ધીકરણ કર્યું હતું અને કંકુ તિલક કરી ફુલહાર કરવામાં આવ્યા હતા.

જળ અને સ્વચ્છતા એકમ દ્વારા કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા.૨૨

અરવલ્લી જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ દ્વારા મેઘરજ તાલુકાના પાલ્લા (ભુવાલ)-૨ શાળામાં સ્વચ્છતા અભિયાન માટે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આવેલ ટીમ દ્વારા બાળકોને સ્વચ્છતા માટે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શાળાના તમામ બાળકોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમના વિદ્યાર્થીઓને આ ટીમ દ્વારા કપાસ, સ્કેચપેન અન પેડ જેવા ઈનામો આપવામાં આવ્યા હતા અને અન્ય ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહીત ઈનામમાં પેન્સિલ આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ વાસ્મો ટીમના વાલજીભાઈ ચૌધરી, જીતુભાઈ પટેલ, ભરતભાઈ ચૌધરીની કોર ટીમ મેઘરજ તાલુકાની રાહબરી નીચે કરવામાં આવ્યો હતો.

(તસવીર : જય અમીન, મોડાસા)

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના ગતિશીલ ગુજરાત લક્ષ્યાંક-૧૦૦ દિવસ કાર્યક્રમ હેઠળ રાજયભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના વાવ મુકામે કુટિર ઉધોગ,મીઠા ઉધોગ અને ગૌસંવર્ધન વિભાગ તથા બનાસકાંઠા જિલ્લાના સહ-ભારી મંત્રી શ્રી તારાચંદ છેડાના અધ્યક્ષસ્થાને લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વાવ તાલુકાના કુલ-૪૮ -શ્નો રજુ થયા હતા. જે પૈકી ૪૨ -શ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવ્યું હતું. જયારે ૬ -શ્નો નિતિવિષયક હોઈ સરકારશ્રીમાં રજુ કરી તેનું સત્વરે નિરાકરણ લાવવા -યત્ન કરવામાં આવશે. આ -સંગે મંત્રીશ્રીના હસ્તે આંગણવાડીનાં બાળકો માટે પૌષ્ટીક આહારનું આંગણવાડી બહેનોને વિતરણ કરવામાં આવ્યુ હતું. રજુ થયેલ -શ્નોમાં વીજળી, રસ્તા, નર્મદા નહેરની સફાઈ, રોડ સાઈડના બાવળો દુર કરાવવા, જમીન સંપાદનનું વળતર, ગટર યોજના વગેરે જેવા -શ્નો રજુ થયા હતા.

થરાદ ખાતે રવિ કૃષિ મહોત્સવમાં ૧૦૭૨ લાભાર્થીઓને ૩૯૧ કરોડની સહાય અપાઈ

પાલનપુર, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લાના થરાદ મુકામે રવિ કૃષિ મહોત્સવની ઉજવણી -સંગે કુટિર ઉધોગ, મીઠા ઉધોગ અને ગૌસંવર્ધન વિભાગ તથા બનાસકાંઠા જિલ્લાના સહ-ભારી મંત્રીશ્રી તારાચંદ છેડાના અધ્યક્ષસ્થાને એક સમારોહ યોજાયો હતો. જેમાં વિવિધ યોજનાઓના ૧૦૭૨ લાભાર્થીઓને રૂ.૩.૯૧ કરોડની સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. આ -સંગે મંત્રીશ્રીએ -સંગિક -વચન કરતાં જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા દેશના વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સુચના અને માર્ગદર્શનથી શરૂ થયેલ કૃષિ મહોત્સવ અભિયાનને વિક્રમજનક સફળતા મળી છે. તેમણે કહ્યું કે કૃષિ મહોત્સવ અભિયાનથી ખેડૂતો અને પશુપાલકોની આવક અને સુખાકારીમાં નોંધપાત્ર -ગતિ જોવા મળે છે.

મંત્રીશ્રી તારાચંદ છેડાએ જણાવ્યુંહતુંકે વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તાનાં સૂત્રો સંભાળીને માત્ર ૧૭ દિવસમાં જ નર્મદા ડેમના દરવાજા મુકવાની પરવાનગી આપી દીધી છે અને રાજય સરકારશ્રી દ્વારા તરત જ એનું કામ શરૂ રકી દેવાતાં રાજયના વધુ વિસ્તારોમાં ઝડપથી હરિયાળી અને સમૃધ્ધિ પથરાશે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જીલ્લાના હજારો ખેડૂતોએ ટપક અને ફુવારા પધ્ધતિ અપનાવીને રાજય અને રાષ્ટ્રિય કક્ષાએ ગૌરવભર્યુ સ્થાન મેળવ્યું છે.

ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના ચેરમેનશ્રી જયંતિભાઈ બારોટે જણાવ્યુ હતુ કે ચાલુ વર્ષને રાજય સરકાર ધ્વારા કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે ત્યારે રવિ કૃષિ મહોત્સવ યોજાઈ રહ્યો છે. જેનાથી ખેડૂતો અને પશુપાલકોની આવક અને સુખાકારીમાં ઝડપી વધારો થશે. તેમણે કહ્યુ કે રાજય સરકારની નિતી અને -યાસો ગરીબ,પછાત અને દલીતોના વિકાસ માટે છે.

પૂર્વમંત્રી અને ધારાસભ્યશ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે ખેતીને ઉત્તમ અને સમૃધ્ધ બનાવવા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણા લોકપ્રિય વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની સુચના અને માર્ગદર્શનથી શરૂ થયેલ કૃષિ મહોત્સવ અભિયાનને વિક્રમજનક સફળતા મળી છે. ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણે આ -સંગે જણાવ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષથી યોજાઈ રહેલ કૃષિ મહોત્સવ અભિયાન સમગ્ર દેશ અને દુનિયા માટે -રણાદાયી બન્યો છે.

આ -સંગે તા.પંચાયત -મુખશ્રી મદાજી ઠાકોર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે. પટેલ, પોલીસ અધીક્ષકશ્રી ડી.બી.વાઘેલા, જી.પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી બાબરાભાઈ ચૌધરી, અગ્રણીઓ સર્વશ્રી ગુમાનસિંહ ચૌહાણ, શ્રી જીવરાજભાઈ પટેલ, શ્રી ઉમેદસિંહ ચૌહાણ, શ્રી ગજેન્દ્રભાઈ સકસેના સહિત આગેવાનો અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦